બેંક એટીએમ - તિજોરીઓ ચોરતી ગેંગ ઝડપાઈ

બે વર્ષથી ગાંધીનગર, અમદાવાદ, મહેસાણામાં તરખાટ મચાવતી હતી : માત્ર ૧૫ જ મિનિટમાં ગેંગના પાંચ માણસો સરળતાથી એટીએમ ચોરી જતા : લવારપુરની એડીસી બેંકમાંથી ૧૫ લાખ ભરેલી ૬૦૦ કિલો વજનની તિજોરી તથા રાંચરડાની બેંકમાંથી ૭ લાખ ભરેલી તિજોરી ચોરી સહીત પાંચ ચકચારી બેંક ચોરીના ગુનાઓના ભેદ ઉકેલતી ગાંધીનગર પોલીસ : મુખ્ય સૂત્રધારને અમદાવાદ પોલીસે પકડી લીધો : ચારેય શખ્સોની પુછતાછમાં સંખ્યાબંધ ગુનાના ભેદ ઉકેલાવાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા સહિતના જિલ્લાઓમાં બેંકના એ.ટી.એમ. તથા રૂપિયા ભરેલી આખે આખી તિજોરીઓ ચોરી જતી ગેંગ એ છેલ્લા દોઢેક વર્ષથી પોલીસના નાકે દમ લાવી દીધો હતો. ગાંધીનગર જિલ્લા પોલીસ તથા રેન્જ આઈજીની ટીમ આર.આર. સેલે મળીને આ માસ્ટર માઈન્ડ ઓર્ગેનાઈઝ્ડ ગેંગના ચાર સાગરીતોને ઝડપી પાડીને મોટી સફળતા મેળવી છે. માત્ર ૧૫ જ મિનિટમાં આખેઆખુ એ.ટી.એમ. ઉપાડી જવામાં માસ્ટર બની ગયેલી આ ગેંગનો મુખ્ય સૂત્રધાર હુસેનસા દિવાન પણ આજે તેના ભાણા સાથે અમદાવાદ પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. ગાંધીનગર પોલીસે ચારેયની કરેલી પ્રાથમિક પુછતાછમાં ગાંધીનગર નજીકના લવારપુર ગામે એ.ડી.સી. બેંકના તાળા તોડી ૬૦૦ કિલોની વજનદાર તિજોરી રૂ. ૧૫ લાખ રોકડ સાથે ચોરી ગયાના ચકચારી ગુનાનો પણ પર્દાફાશ થઈ ગયો છે તે સહીત પાંચ બેંક એટીએમની મોટી ચોરીઓ

● અનુસંધાન પાન-૭ પર

તિજોરી અને એટીએમ કેનાલમાં ફેંકી દેતા..!

આ ગેંગ જે એટીએમ કે તિજોરી ચોરી જતા હતા તે કેટલાક ચોક્કસ બોરકુવા પાસે લઈ જઈને કટર વડે કાપી રૂપિયા કાઢી નાંખતા હતા અને તુટેલા એટીએમ અને તિજોરીઓ ઉપરાંત ચોરી લીધેલા સીસીટીવી કેમેરા અને સીપીયુ પણ ગાડીમાં પરત લઈ જઈને બધો માલ કેનાલમાં ફેંકી દેતા હતા.

ગેંગમાં ટીમો બનાવી અલગ અલગ જવાબદારી સોંપાતી..!

બેંકમાં ચોરી કરવા માટે સક્રીય આ ભેજાબાજ ગેંગમાં અલગ અલગ પાંચ ટીમો બનાવીને તેમને વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવતી હતી. રેકી ગેંગ ટાર્ગેટેડ જગ્યા પર થોડા દિવસો પહેલાથી માત્ર રેકી કરવાનું જ કામ કરતી હતી. ટ્રાન્સપોર્ટેશન ગેંગ આ ગુનાને અંજામ આપવા જરૂરી વાહન વ્યવસ્થા પુરી પાડતી હતી. ઓપરેશન ગેંગ - ચોરી દરમ્યાન જે તે સ્થળેથી સીસીટીવીના કેબલ કટીંગ, એટીએમના બોલ્ટ ખોલવાથી માંડીને તેને ઉપાડીને લઈ જવા સુધીનું કામ કરતી હતી. ડીસ્ટ્રોય ગેંગ-ચોરેલા માલમાંથી રોકડ રકમ નીકાળી દેવાય ત્યાર બાદ તિજોરી કે તુટેલા એટીએમને અને કેમેરા તથા સીપીયુને કેનાલમાં નાંખી દેવાનું કામ કરતી હતી. જ્યારે ફાયનાન્સીયલ ગેંગ - આર્થિક મદદ પુરી પાડતી હતી.

કંઈ કંઈ ચોરીઓની કબુલાત કરી...?

- એકાદ વર્ષ પહેલા ગાંધીનગર નજીકના લવારપુર ગામે એડીસી બેંકના તાળા તોડી રૂ. ૧૫ લાખ રોકડા ભરેલી ૬૦૦ કિલો વજનની તિજોરીની ચોરી.
- ચારેક માસ પહેલા કલોલના રાંચરડા ગામે ગ્રામીણ બેંકના તાળા તોડી રૂ. ૭ લાખ ભરેલી તિજોરીની ચોરી.
- અમદાવાદ બાવળા નજીક ગાંગડ ગામે અમદાવાદ ડીસ્ટ્રીક્ટ બેંકનું તાળુ તોડી અઢી લાખ ભરેલી તિજોરીની ચોરી.
- વિરમગામ તાલુકાના ખમીજલા ગામની બેંકના તાળા તોડી તીજોરીની ચોરી.
- તાજેતરમાં ઊંઝા નજીક ઐઠોર ગામેથી રૂ. ૧૪,૬૩ લાખ ભરેલા એ.ટી.એમ. મશીનની ચોરી.

પરેશને લઈને તપાસ માટે પોલીસ મુંબઈ જવા રવાના

ગોરેગાંવ ખરીદેલા ફલેટના રૂપિયા બિલ્ડર પરત નહીં કરે તો ફલેટ સીલ કરી દેવાશે

ગાંધીનગર, તા. ૨૧

ચકચારી બિરસા મુંડા ભવન ઉચાપત પ્રકરણમાં રિમાન્ડ પરના આરોપી પરેશ પાસેથી ઉચાપતના રૂપિયા રીકવર કરવાની કામગીરી પોલીસ કરી રહી છે. મુંબઈ ખાતે કરેલા ટ્રાન્ઝેકશન્સની વિગતો મેળવવા તથા અન્ય તપાસ માટે સે-૭ પોલીસની ટીમ પરેશને લઈને મુંબઈ જવા ગાંધીનગરથી રવાના થઈ ગઈ છે.

મુંબઈ પહોંચીને પોલીસ પરેશે ઉચાપતના રૂપિયાથી કરેલા વિવિધ ખર્ચાનો હિસાબ મેળવશે તથા ત્યાંના ટ્રાન્ઝેકશનની વિગતો મેળવશે. પરેશ પંચાલે ખરીદી લીધેલા રૂ. ૨ કરોડના ફલેટમાંથી રૂપિયા રીકવર કરવા પણ કાઠા બન્યા છે. ગોરેગાંવ ખાતે પરેશે જે ફલેટ બે કરોડમાં ખરીદ્યો તે ફલેટના બિલ્ડરને પોલીસ મળશે અને તે રૂપિયા પરત કરે તેવા પ્રયાસ કરશે પરંતુ બિલ્ડર રૂપિયા પરત કરવાની ના પાડશે તો પોલીસ આ બે કરોડના ફલેટને સીલ કરવાની પણ કાર્યવાહી હાથ ધરશે. આ ઉચાપત પ્રકરણમાં અત્યાર સુધી પોલીસે એક ગાડી, ૧૪ કિલો સોનુ તથા પોણા ચાર કરોડ રોકડ મુદ્દામાલ કબ્જે કર્યો છે તે સિવાયના રૂપિયાનો હિસાબ મેળવવા પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે.

મતદાર યાદી સુધારણામાં મહિલાઓએ ભારે રસ દાખવ્યો

જિલ્લાના ચાર વિધાનસભા મત વિસ્તારમાં મહિલાઓનો સારો પ્રતિસાદ : ૪૦ હજારથી વધુ અરજીઓ નામ નોંધાવવાની મળી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણામાં મહિલા મતદારોએ વધુ જાગૃતિ દાખવી છે અને ૩૧૩ મહિલાઓએ ઝુંબેશ દરમ્યાન પુરૂષ મતદારો કરતાં વધુ નામ નોંધાવ્યા છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા દરમ્યાન ૪૦,૪૭૧ જેટલા નવા મતદારો શોધી કાઢવામાં આવ્યા છે. જેમણે ફોર્મ નં. ૬ ભરી જિલ્લાતંત્રને તેમના નામ દાખલ કરવા જણાવ્યું છે.

મળતી વિગતો મુજબ જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગો પૈકી ચાર વિધાનસભા મતદાર વિભાગમાં મહિલા મતદારોની અરજીઓ વધુ મળી છે. જ્યારે કલોલ વિધાનસભા મત વિસ્તાર એવો છે જ્યાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોની અરજીઓ ઓછી મળી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર(દ), ગાંધીનગર(ઉ) તથા માણસા વિધાનસભા મતદાર વિભાગમાં મહિલાઓએ નામ નોંધણી માટે જોરદાર રસ દાખવ્યો હતો. જ્યારે દહેગામમાં પુરૂષ અને સ્ત્રી મતદારોની લગભગ સરખી અરજીઓ મળી છે.

જિલ્લામાં સૌથી વધુ અરજીઓ ગાંધીનગર(દ)ની બેઠક પરથી મળી છે. જેમાં ૧૨,૫૭૫ અરજીઓ મળી છે. આ પછી બીજા ક્રમે ગાંધીનગર (ઉ) આવે છે જ્યાં ૮૪૪૪ મતદારોએ નામ નોંધાવવા રજુઆત કરી છે. કલોલમાં ૬૭૪૯ અરજીઓ, દહેગામમાં ૬૫૬૬ અરજીઓ મળી છે જ્યારે માણસામાં ૬૧૩૮ અરજીઓ મળી છે.

ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારમાને મળેલા સારા પ્રતિસાદને કારણે એપિક કાર્ડ તૈયાર કરવામાં તંત્ર મશગુલ બની ગયું છે. મળતા સંકેતો પ્રમાણે રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૫ જાન્યુઆરીની ઉજવણી બાદ આ નવા અરજદારોને એપિક કાર્ડનું વિતરણ કરવા માટે તંત્રએ આયોજન તૈયાર કરી દીધેલ છે અને તે કામગીરી ૧૦ ફેબ્રુઆરી

● અનુસંધાન પાન-૭ પર

જૈન સમુદાયને લઘુમતીનો દરજ્જો આપવાના નિર્ણયને આવકાર

અમદાવાદ, તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નીતિન શાહે અખબારી યાદીમાં જણાવ્યું છે કે જૈન સમુદાય દ્વારા ઘણા લાંબા સમયથી લઘુમતિ તરીકે જાહેર કરવાના પડતર પ્રશ્નને કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી રાહુલ ગાંધી દ્વારા રજુઆત થતાં કેન્દ્ર સરકારે જૈન સમુદાયને મુસ્લિમ, શીખ, બૌધ્ધ, ખ્રિસ્તી અને પારસી સાથે છઠ્ઠા સમુદાયને લઘુમતી તરીકે જાહેર કરવાના કેન્દ્રની યુપીએ સરકારના નિર્ણયને પૂર્વ નાણામંત્રીશ્રી અરવિંદ સંઘવી, શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ, શ્રી સી. હિરાચંદ, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી મિહીર શાહ, મંત્રીશ્રી સંજય પટવા અને પ્રદેશ આગેવાન મહેન્દ્ર ઓસ્વાલ દ્વારા આવકારવામાં આવ્યો છે.

જૈન સમુદાયને લઘુમતિ તરીકે જાહેર કરવા બદલ કોંગ્રેસ અધ્યક્ષા તથા યુપીએ ચેરપર્સન શ્રીમતિ સોનિયા ગાંધી, વડાપ્રધાનશ્રી ડૉ. મનમોહનસિંહ તથા રાષ્ટ્રીય નેતાશ્રી અહેમદભાઈ પટેલનો આભાર માન્યો છે. દેશની કુલ વસ્તીના ૨ ટકા એટલે કે આશરે ૨ કરોડથી વધુ જૈન સમુદાયને લાભ મળશે.

હાલમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ સહિત ૧૩ રાજયોમાં શૈક્ષણિક અને શિષ્યવૃત્તિ જેવા લાભો જરૂરીયાત મંદોને મળે છે પરંતુ હવે રાષ્ટ્રીય લઘુમતિ તરીકે જાહેર કરાતા સમગ્ર રાષ્ટ્રના જૈનોને લાભ મળશે તે માટે કેન્દ્રની કોંગ્રેસ સરકારનો આભાર માનેલ છે.

લઘુમતિ કલ્યાણ માટે વડાપ્રધાનશ્રી મનમોહનસિંહ દ્વારા બાલવિકાસ, વિદ્યાલક્ષી શિક્ષા, સામાન્ય શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણમાં છાત્રવૃત્તિ, સ્વર્ણજયંતિ ગ્રામ અને શહેરી રોજગાર યોજના, તકનીકી શિક્ષા દ્વારા વિકાસ, આર્થિક સહાયતા તથા રાજય અને કેન્દ્રની ભરતી અને રહેઠાણ માટે ઉચીત ભાગીદારી સહીતના લાભો હવે છઠ્ઠી લઘુમતી તરીકે જાહેર થયા બાદ જૈન સમુદાયને પણ ઉપલબ્ધ થશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના મેયર સામે કરાયેલા પક્ષાંતર ધારા ભંગ કેસની મુદત ૪થી ફેબ્રુઆરીની આવી છે.
- ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૧૦૩ ટકા સિદ્ધિ હાંસલ થઈ છે.
- ગાંધીનગર કલેક્ટર કચેરીની મુલાકાતે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એ.એમ. તિવારી આવ્યા હતા.
- હવામાનમાં આવેલા પલ્ટાને લઈ શરદી-તાવની ઝપટમાં અધિકારીઓ પણ આવી ગયા છે.
- ૨૫મી જાન્યુઆરીએ ઉજવવામાં આવનાર રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી માટે તંત્ર એ તૈયારીઓ આરંભી.

કેજરીવાલની સરકાર રોડ પરથી ચાલે છે તો ગુજરાત સરકાર દિલ્હીથી ચાલે છે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૨૧

દિલ્હીમાં કેજરીવાલ સરકાર રોડ ઉપરથી ચાલે છે તો ગુજરાત સરકાર દિલ્હીથી ચાલે છે. તેવો આક્ષેપ આજે વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

તેમણે જણાવ્યું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ચુકી છે. તસ્કરરાજથી પ્રજા તબાહ પોકારી ઉઠી છે પણ પ્રજા રજુઆત કરવા કોને જાય સાહેબ તો દિલ્હીમાં વ્યસ્ત છે. ગુજરાતમાં અત્યારે રોમ ભડકે બળતુ હતુ અને નીરો ફીડલ વગાડતો હતો તેવી પરિસ્થિતિ છે.

શ્રી વાઘેલાએ સુશ્રાબેન ભટ્ટના રચાયેલા તપાસ પંચ અંગે પણ નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતું કે ફોન ટેપીંગ પ્રકરણમાં જે મુદ્દાની તપાસ કરવાની હતી તે મુદ્દો જ સમાવાયો નથી માત્ર પ્રજાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ સરકાર કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વિધાનસભા ચાલતી હોય તેવું પણ લાગતુ નથી. વિધાનસભાના સત્રમાં પ્રજાના પ્રશ્નોને વિપક્ષ વાચા ન આપી શકે તે માટેના પ્રયાસોમાં સરકાર વ્યક્ત બની છે અને વોટ ઓન એકાઉન્ટ બજેટ રજુ કરી સરકાર શું સિદ્ધ કરવા માગે છે તે સમજાતુ નથી. ચૂંટણી ગુજરાતની નથી સમગ્ર દેશની છે.

શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, અત્યારે ગુજરાતમાં સરકાર જેવું કાંઈ રહ્યું નથી, ગુજરાતનો વહીવટ દિલ્હીથી જ ચાલે છે. કોઈપણ મુખ્યમંત્રી હોય, તેમણે નિયમ અને કાયદાની જોગવાઈ મુજબ કામ કરવાનું હોય છે, તે જમીન ફાળવણીનું હોય કે પેટ્રોલિયમ કોર્પોરેશનનું હોય ! રાજ્ય સરકારના બોર્ડ-કોર્પોરેશનો છે તે પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરી જાહેરાતો આપવા માટે નથી. ગુજરાત સરકાર ટાટાને જમીન અપાઈ હોય કે કે.જી. બેઝીનના ગેસની વાત હોય, તેમાં પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરી 'ગુજરાતમાં ગેસ ગેસ થઈ જશે' તેવી લોભામણી જાહેરાતો કરીને પ્રજાને ગુમરાહ કરી રહી છે.

ગાંધીનગરના 'સુરમધુર કલાવૃંદ'ની બિકાનેર ખાતે આંતરરાષ્ટ્રિય નૃત્ય મહોત્સવમાં અદભૂત પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૨૧

તા. ૧૫ થી ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ દરમિયાન બિકાનેર રાજસ્થાન ખાતે આયોજીત આંતરરાષ્ટ્રિય કક્ષાના 'કેમલ ફેસ્ટીવલ ૨૦૧૪' અંતર્ગત યોજાયેલા રંગારંગ નૃત્ય મહોત્સવમાં વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ભારત સરકાર દ્વારા નિમંત્રીત 'સુરમધુર કલાવૃંદ' ગાંધીનગરના કલાકારો દ્વારા ગુજરાતનાં લોકનૃત્યોની જબરજસ્ત પ્રસ્તુતિ કરી અદભૂત લોકચાહના પ્રાપ્ત કરી છે.

આ મહોત્સવ દરમિયાન ભારતભરમંથી ૧૦ રાજયો સહિતનાં ૨૦૦ ઉપરાંત કલાકારોએ ભારતભરનાં લોકનૃત્યોની રમઝટ બોલાવી હતી. સુરમધુરનાં ૧૭ કલાકારોએ ગુજરાતનાં ભાતિગળ લોકનૃત્યોની પ્રસ્તુતિ કરી વિદેશથી આવેલ અનેક પર્યટકો-મહાનુભાવો સહિતનાં ૨૦ હજારથી ઉપર દર્શકોનાં મન મોહી લીધા હતા. બિકાનેરનાં કરણીસિંહ સ્ટેડીયમ અને 'લારેરા' ખાતેનાં રણમાં આ કાર્યક્રમોનું અદભૂત આયોજન રાજસ્થાન સરકાર, ટુરીઝમ ડિપાર્ટમેન્ટ અને વેસ્ટઝોન, ઈસ્ટઝોન અને નોર્થ ઝોન કલ્ચરલ સેન્ટરો દ્વારા કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીત દિગ્દર્શક અને કોરીયોગ્રાફર, સુરમધુરનાં નિયામકશ્રી મયંક દવે દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે સંસ્થાનાં જ ગાયક સુરેશ રત્નોત્તરના પહાડી અવાજે રણને પણ ગુંજતું કર્યું હતું. સંસ્થાના શ્રીમતી વીણાબેન દવે સંચાલિત આ નૃત્યવૃંદમાં રમેશ નાડિયા અને શૈલેષ નાયકનાં તાલે અને નંદ દવેનાં નૃત્ય દિગ્દર્શન હેઠળ નિરવ પંડયા, હાર્દિક પંડયા, ઉમંગ જહા, જીગર

● અનુસંધાન પાન-૭ પર

ધારાસભ્ય બાવકુભાઈ કોંગ્રેસમાં જ છે

ગાંધીનગર, તા. ૨૧

વિપક્ષ કોંગ્રેસના કાર્યાલય દ્વારા કોંગ્રેસના ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડ કોંગ્રેસમાં જ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ રહ્યા હોવાની અટકળો છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. આ અટકળો અંગે આજે વિરોધપક્ષના નેતાના કાર્યાલય દ્વારા આજે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડ વિપક્ષના નેતાને રૂબરૂમાં મળીને એવી ખાતરી આપી છે કે તેઓ કોંગ્રેસમાં જ છે અને કયાંય જવાના નથી.

જો કે આ મામલે કોંગ્રેસના ધારાસભ્ય બાવકુભાઈ ઉઘાડે કોઈ જ સ્પષ્ટતા કરી નહીં હોવાનું જાણવા મળે છે.

બેસણું

સ્વ. પ્રહલાદજી અમરાજી ઠાકોર
સ્વ. તા. ૨૦/૧/૨૦૧૪

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબના વડા એવી આપની વસમી વિદાય વિસરી શરાય તેમ નથી. જીવન એવું જીવી ગયા કે તે ભુલવું મુશ્કેલ છે. મામા, મામી, માતાના લાડકવાયા આપની કુટુંબ પ્રત્યેની અપાર વાત્સલ્યતા સદાય અમારા સ્મૃતિ પર બિરાજમાન છે.

આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એ જ પ્રાર્થના.

બેસણું : તા. ૨૩/૧/૨૦૧૪, ગુરૂવાર
સ્થળ : મુ. પો. ભોયણ મોટી, તા. કલોલ

ઠાકોર વેચાતજી સરદારજી (મામા)
ઠાકોર કુબેરજી સરદારજી (મામા)
લક્ષ્મીબેન વેચાતજી (મામી)
સીતાબેન કુબેરજી (મામી)
ગં.સ્વ. ખેમીબેન અમરાજી (માતા)
મુંગીબેન પ્રહલાદજી (પત્ની)
ભગાજી અમરાજી ઠાકોર (ભાઈ)
રસીકજી પ્રહલાદજી ઠાકોર (પુત્ર)
સંજય પ્રહલાદજી ઠાકોર (પુત્ર)
લખીબેન પ્રહલાદજી ઠાકોર (પુત્રી)

સ્વ. સમગ્ર ઠાકોર પ્રહલાદજી અમરાજી પરિવાર

શ્રદ્ધાંજલિ

સ્વ. સુખદેવસિંહ શંકરસિંહ ચાવડા

આપના તારીખ ૨૦/૧/૨૦૧૪ના રોજ માર્ગ અકસ્માતમાં અવસાન થવાથી શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગરે એક અદના સમાજસેવક ગુમાવેલ છે. આપ સમાજના સ્થાપનાના પાયાના કાર્યકર રહેલ છો. આપના સંગઠનથી શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર મજબૂત થયેલ છે. આપશ્રીએ સમાજને સાચી દિશા ચીંધેલ છે. જેની ખોટ ક્યારેય પુરી શકાય તેમ નથી. આપના આત્માને પ્રભુ શાંતિ આપે. આપની કુટુંબ પર આવેલી આપત્તિને પ્રભુ સહન કરવાની શક્તિ આપે.

લિ.

બિહોલા પૃથ્વીસિંહ પ્રતાપસિંહ - પ્રમુખ
વાઘેલા નટવરસિંહ માધુજી - ઉપપ્રમુખ
હાડા કાળુસિંહ સરદારસિંહ - ઉપપ્રમુખ
વાઘેલા બાબુસિંહ સામળસિંહ - સંગઠન મંત્રી
ગોલ રાજુજી બબાજી - ઓડીટર
ચાવડા પૃથ્વીસિંહ બલુજી - મહામંત્રી
રાણોલ મહેશસિંહ બાબુસિંહ - સહમંત્રી
વાઘેલા ભિખુસિંહ તખુજી - સહમંત્રી
ચૌહાણ દશરથસિંહ હુલસિંહ - ખજાનચી
રાઠોડ નરેન્દ્રસિંહ બનેસિંહ - ઓડીટર

—● કારોબારી સભ્ય ●—

બિહોલા નિરંજનસિંહ મોહનજી
વાઘેલા જનકસિંહ દલપસિંહ
ભાટી નટવરસિંહ ચંદનસિંહ
ચાવડા મહેન્દ્રસિંહ સતુભા
ચૌહાણ પદમસિંહ ભરતસિંહ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com